| Publication: Sandesh Citylife | Pg No: 4 |
|---|---|
| Edition: Print | Date: August 18, 2023 |



# સિટીનું મહિલા હાઉસિંગ ટ્રસ્ટ સોશિયલ આંત્રપ્રિન્યોર ઓફ ધ યર માટે પસંદગી પામ્યું

## ૧૯૯૪માં મહિલાઓના આર્થિક વિકાસ માટે મહિલા હાઉસિંગ ટ્રસ્ટના બીજ રોપવામાં આવ્યાં હતાં

**સિટી લાઇફ** । મહિલાઓનો આર્થિક વિકાસ, પાયાની સવલતો જેવા નોન ટ્રેડિશનલ સેક્ટરમાં સરકાર અને વંચિતો વચ્ચે બ્રિજનું કામ કરતી મહિલા હાઉસિંગ ટ્રસ્ટનું દેશના પ્રતિષ્ઠિત 'સોશિયલ આંત્રપ્રિન્યોર ઓફ ધ યર' એવોર્ડ માટેના ફાઈનાલિસ્ટની યાદીમાં સમાવેશ થયો છે. આ એવોર્ડ માટે દેશભરમાંથી કુલ ૧૨૦ નામાંકન આવ્યા હતાં. જેમાંથી જ્યૂરી દ્વારા ૪ સંસ્થાને ફાઈનલ કરવામાં આવી છે. ૧૯૯૪માં સ્થાપનાથી લઈને ૨૦૨૩ સુધીમાં વંચિત મહિલાઓને મકાનસ પીવાના પાણીની સુવિધા, ગટર જેવી પાયાની સવલતો પહોચાડવા માટે કામ કરતી મહિલા હાઉસિંગ ટ્રસ્ટની કામગીરીને ધ્યાનમાં રાખી ટોપ ૪ ફાઈનલ સંસ્થાઓમાં સ્થાન આપવામાં આવ્યું છે.   આ અંગે વાત કરતા ગુજરાત મહિલા હાઉસિંગ સેવા ટ્રસ્ટના એક્ઝિક્યૂટિવ ડાયરેક્ટર બિજલ બ્રહ્મભટ્ટે કહ્યું કે, 'અમારી આ સંસ્થાઓ સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં લાખો વંચિત પરિવારોની મહિલાઓને પાકા મકાનો બાંધી આપવામાં મદદ કરી છે. અમારી સંસ્થા મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવાની દિશામાં કામ કરી રહી છે. અમે અમદાવાદમાં પણ આવેલા વિવિધ સ્લમ એરિયામાં લોકોની પાયાની સવલતો મળી રહે તે માટે કામ કરી રહ્યાં છે. સંસ્થાની કામગીરીને જોતા અત્યાર સુધીમાં અમને ૮ જેટલા ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યા છે.

### ભારતમાં મહિલાઓના નામે માત્ર ૧ ટકા જ મિલકત હોય છે : બિજલ બ્રહ્મભટ્ટ



બિજલ બ્રહ્મભટ્ટે વધુમાં જણાવતા કહ્યું કે, 'મહિલાઓને પાકા મકાનો બંધાવી આપવાની અમારી આ સેવાભાવી કામગીરી દરમિયાન અમને ધ્યાનમાં આવ્યું કે ભારત દેશમાં માત્ર ૧ ટકા જ મહિલાઓ છે જેમના નામે મિલકતોની માલિકી છે. અમારો ઉદેશ્ય છે કે મહિલાઓ પણ પુરૂષોની સરખામણીમાં કોઈ પણ પ્રોપર્ટીનો માલિકી હક ધરાવે અને આર્થિક રીતે પગભર બને તે દિશમાં અમે છેલ્લા કેટલાંક વર્ષોથી કાર્યરત છીએ. '

### અમદાવાદના ૨૦૦ સ્લમ એરિયામાં કામ કરે છે મહિલા હાઉસિંગ ટ્રસ્ટ

૧૯૯૪માં સ્થાપવામાં આવેલા મહિલા હાઉસિંગ ટ્રસ્ટ આજે વર્ષો પછી એક બિજમાંથી વટવૃક્ષ બન્યુ છે. જેને વંચિત પરિવારોને મકાનો અપાવવાથી લઈને પાયાની સુવિધા અપાવવી જેવા કામો કરી રહી છે. અમદાવાદની વાત કરીએ તો મહિલા હાઉસિંગ ટ્રસ્ટ અમદાવાદના ૨૦૦થી વધારે સ્લમ એરિયામાં કામ કરી રહી છે. જેમાં આ સ્લમ એરિયામાં રહેતા લોકોને કેવી રીતે પાકા મકાનો આપવા અને સરકારની સ્કીમનો કેવી રીતે લાભ મળે તે દિશામા કામ કરી રહ્યું છે.